પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 05-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Thursday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

CM PATEL SHANKARACHARYA DARSHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ગોતા ખાતે મૂળામ્નાય સર્વજ્ઞ શ્રી કાંચી કામકોટિ પીઠમ્-ના 70મા પીઠાધિપતિ પરમપૂજ્ય જગદગુરુ શંકરાચાર્ય શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીજીના દર્શન કર્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે જણાવ્યું, પૂજ્ય શંકરાચાર્યજીના સાંનિધ્યમાં આયોજિત પૂર્ણાહૂતિ હવનમાં સહભાગી થયા. યજ્ઞશાળા મંડપમ્-માં પૂજ્ય શંકરાચાર્યજી સાથે સંવાદ અત્યંત પ્રેરક રહ્યો હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું.

DyCM AMD PROG

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રમા એકાદશી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી. સાથે જ તેમણે દિવાળીનો તહેવાર દરેકના ઘરમાં આનંદ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના પણ કરી. અમદાવાદમાં મોટેરા પોલીસમથકનું લોકાર્પણ તેમજ હંસપુરા અને વસ્ત્રાલ પોલીસમથકના ઈ-લોકાર્પણ કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું, આ નવા પોલીસમથકો નજીકના વિસ્તારોના રહેવાસીઓ માટે પોલીસ સેવાઓને વધુ સરળ બનાવશે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

BHAVNAGAR COMBING

ભાવનગર શહેરમાં દિવાળીના તહેવારો દરમિયાન નીલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત સઘન તપાસ કરવામાં આવી હતી. શહેરના તમામ આશરે ૧૦૦ જેટલા પોલીસ અધિકારીઓ અને પોલીસકર્મીઓ પેટ્રોલિંગમાં જોડાયા હતા.

શહેરના અલ્કા ટોકીઝ, ચાવડી ગેટ અને રેલવે સ્ટેશન રોડ જેવા સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસ દ્વારા કાફલા સાથે સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. વાહનચાલકોના દસ્તાવેજોની તપાસ, શંકાસ્પદ ઇસમોની પૂછપરછ કરવી તેમજ બજાર વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અસામાજિક તત્વો અને શંકાસ્પદ ઇસમોના ઘરે દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

SATARKTA ABHIYAN

સરકારી ખરીદીમાં અટકાયતી સતર્કતા વિષય પર રાજ્યકક્ષાના વર્કશોપનું ગાંધીનગર ખાતે આયોજન કરાયું હતું. સરકારી કામકાજમાં દોષરહિત, પારદર્શિતા, નિયમોનું પાલન અને જવાબદારી સુનિશ્ચિત કરીને સરકારી ખરીદીની પ્રક્રિયાઓને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ વિષયો પર સત્ર યોજાયા હતાં. ઈ-ટેન્ડરિંગમાં મર્યાદાઓનું ચુસ્ત પાલન, મેક ઇન ઇન્ડિયા અંતર્ગત સ્થાનિક કન્ટેન્ટની યોગ્ય ચકાસણી તેમજ જથ્થાના પ્રક્રિયાગત વિભાજન કે બિનસંબંધિત આઈટમ બંચિંગથી બચવા અંગે માર્ગદર્શન અપાયું.

આ વર્કશોપમાં આધુનિક ખરીદી માળખા અંગે વ્યાપક માર્ગદર્શિકા પર ચર્ચા કરવામાં આવી છે. જેમાં ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) ચીજવસ્તુઓનો અસરકારક ઉપયોગ, ઈ-ટેન્ડરિંગ મર્યાદાઓનું ચુસ્ત પાલન, "મેક ઇન ઇન્ડિયા" અંતર્ગત સ્થાનિક કન્ટેન્ટની યોગ્ય ચકાસણી તેમજ જથ્થાના પ્રક્રિયાગત વિભાજન કે બિનસંબંધિત આઈટમ બંચિંગથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

BTD MARKET YARD

બોટાદ માર્કેટ યાર્ડ આગામી દિવાળીના તહેવાર નિમિત્તે સાતથી 13 તારીખ સુધી બંધ રહેશે. જ્યારે 14 નવેમ્બરે લાભપાંચમના દિવસથી યાર્ડમાં રાબેતા મુજબ હરાજી શરૂ કરાશે.

જ્યારે મહેસાણા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આવતીકાલથી 13 નવેમ્બર સુધી દિવાળી વેકેશન જાહેર કરાયું. માર્કેટયાર્ડ દ્વારા જણાવાયું છે કે દિવાળી ની રજાઓ દરમ્યાન ખેડૂતો ખેતપેદાશો ના વેચાણ માટે ન આવે. આ સમયગાળા દરમિયાન દિવેલા, રાયડો,અડદ અને ઘઉં સહિતનું વેચાણ બંધ રખાયું.

BHARUCH FIRE

ભરૂચના ઝઘડિયામાં આવેલ GETCOના 66 KV રાંદેરી સબ-સ્ટેશનમાં ભીષણ આગ લાગી હતી. આગ લાગતા જ સબ-સ્ટેશનમાં દહેશત ફેલાઇ ગઇ હતી. આગના કારણે આસપાસના વિસ્તારમાં તકેદારીના પગલાં લેવાયા હતાં. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક દોડી આવી હતી. ચાર ફાયર બ્રિગેડની ટીમો આગ બુઝાવવાની કામગીરીમાં જોડાઈ હતી.. આગને કારણે સબસ્ટેશનમાંથી વિજ પુરવઠો બંધ થઇ જતાં આસપાસના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

KTC SUPPLY DEPARTMENT PAHEL

કચ્છ જિલ્લામાં ભુજ હાટ ખાતે કચ્છનું પ્રથમ અનાજ એટીએમ શરૂ કરાશે. સસ્તા અનાજની વિતરણ વ્યવસ્થાને આધુનિક અને વધુ પારદર્શક બનાવવા પૂરવઠા વિભાગ દ્વારા આ નવી પહેલ હાથ ધરાઈ. આ સુવિધા શરૂ થતાં જ રાશનકાર્ડધારકોને લાંબી કતારમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે અને 24 કલાક અનાજ મેળવવાની સુવિધા ઉપલબ્ધ બનશે. આધુનિક અનાજ ATMમાં રાશનકાર્ડ-ધારકોએ સૌપ્રથમ પોતાનો 12 ડિજિટનો રાશનકાર્ડ નંબર દાખલ કરવાનો રહેશે.

ત્યારબાદ રજિસ્ટર્ડ મોબાઇલ નંબર અથવા OTP મારફતે ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ કરાશે. ત્યારબાદ પરિવારના સભ્યોની સંખ્યા અને કાર્ડ મુજબ મળવાપાત્ર અનાજના જથ્થાની ગણતરી સિસ્ટમ દ્વારા આપમેળે કરવામાં આવશે. ત્યારબાદ લાભાર્થી પરિવારને મંજૂર થયેલો 100 ટકા અનાજનો જથ્થો ATM મારફતે મેળવી શકશે.

BAHUCHARJI DAN GANATARI

મહેસાણાના યાત્રાધામ બહુચરાજી માતાજીના મંદિરના ગોલખમાં એકઠી થયેલી દાનની રકમની ગણતરી ચાલી રહી છે. છેલ્લા આઠ દિવસની ગણતરીમાં કુલ 2.7 કરોડ રૂપિયાની આવક નોંધાઈ છે. હજુ ત્રણ દિવસ ગણતરી ચાલશે. આધુનિક મશીનથી ગણતરી હાથ ધરાઈ છે. નાયબ કલેકટર, મામલતદાર મહેસુલી તલાટીઓ તેમજ મંદિરના 21 કર્મચારીઓની સાથે ત્રણ બેન્કના કર્મચારીઓ ગણતરીમાં જોડાયા હતા. ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી વિડીયો રેકોર્ડિંગ સુરક્ષિત રાખવામાં આવશે.